હિંમતનગરમાં વહેલી પરોઢે ચાર જ્વેલર્સ અને એક મોબાઈલની દુકાનમાં ચોરી

હિંમતનગર, તા. ૭

હિંમતનગરમાં નવા બજાર, ગાંધીરોડ અને ટાવર ચોક નજીક આવેલી ચાર જવેલર્સની દુકાનો અને એક મોબાઈલ શોપ પર મંગળવારે વહેલી પરોઢના તસ્કર ટોળકીએ ત્રાટકી રૂા.૧.૨૫ લાખના દાગીના ચોરી ભાગી છુટયા હતા. ચોરીની ઘટના સંદર્ભે જવેલર્સના માલિકે હિંમતનગર બી-ડીવીઝન પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી હતી. જોકે વહેલી સવારે શહેરના હાર્દસમા બજાર વિસ્તારમાં જવેલર્સ દુકાનોના તાળાં તુટવાની ઘટનાની જાણ ટાઉન પોલીસને થતાં તંત્ર સવારથી જ હરકતમાં આવ્યુ હતું.

શહેરમાં જવેલર્સની દુકાનોના તાળાં તુટવાની ઘટના અંગે પ્રાપ્ત વિગત અનુસાર મંગળવારે વહેલી પરોઢના ૪થી પના સમયગાળા દરમિયાન તસ્કર ટોળકીએ નવા બજારમાં આવેલ સુન્ધા જવેલર્સ, ભાગ્યશ્રી જવેલર્સ, રામદેવ જવેલર્સ અને ગાંધીરોડ પર આવેલી દૈવી જવેલર્સ દુકાનના તાળાં તોડી હાથફેરો કર્યો હતો. તસ્કરોએ ટાવર ચોક નજીક આવેલી એક મોબાઈલ શોપના પણ તાળાં તોડી ચોરીની ઘટનાને અંજામ આપવાનો પ્રયાસ કર્યો હતો.

નવા બજારમાં આવેલી ભાગ્યશ્રી જવેલર્સની દુકાનના તાળાં તોડી તસ્કર ટોળકી પૂજાની મૂર્તિ તેમજ ગ્રાહકોના રીપેરીંગ માટે આવેલા દાગીના સહિત રૂા.૨૫ હજારની માલમત્તા ચોરી ગયા હતા. જયારે તસ્કર ટોળકીએ ગાંધીરોડ પર આવેલી દૈવી જવેલર્સના તાળાં તોડી અંદર પ્રવેશી બગસરાના મળી રૂા.૧ લાખની મત્તાના દાગીના ચોરી હાથફેરો કરી ગયા હતા. ટોળકીએ નવા બજારમાં આવેલી સુન્ધા જવેલર્સ અને રામદેવ જવેલર્સમાં પણ ચોરીની ઘટનાને અંજામ આપવાનો પ્રયાસ કર્યો હતો.

ભાગ્યશ્રી જવેલર્સના ત્રિલોકચંદ પુનમાજી સોની અને દૈવી જવેલર્સના વિપુલભાઇ સોનીની ફરિયાદ આધારે બી-ડીવીઝન પોલીસે ચોરીનો ગુનો દર્જ કર્યો હતો. વહેલી સવારમાં જ શહેરમાં જવેલર્સ દુકાનોના તાળાં તુટવાની જાણ થતાં પોલીસે ઘટના સ્થળે દોડધામ મચાવી સ્થળ નિરીક્ષણ કરી તપાસના નામે સંતોષ માન્યો હતો.

હિંમતનગર શહેરમાં છેલ્લા કેટલાક દિવસોથી વાહનચોરી, ચેઇન સ્નેચીંગ સાથે હવે દુકાન ફોડ ચોરીઓની ઘટનાઓ વધતી જતા નગરજનોમાં ચિંતા વધી રહી છે. પોલીસ તંત્ર ચોરીઓના ગુનાઓના ભેદ ઉકેલવામાં નિષ્ફળ સાબિત થઇ રહ્યાની અનુભૂતિ નગરજનો કરી રહ્યા છે.

હિંમતનગર-ઈડરમાં ટેકાના ભાવે ઘઉંની ખરીદી નહિ કરાતા ખેડૂતો વિફર્યા

હિંમતનગર, તા. ૭

હિંમતનગર માર્કેટયાર્ડમાં ગુજરાત રાજય નાગરિક પુરવઠા કેન્દ્ર દ્વારા ઘઉંની ખરીદી માટેની વ્યવસ્થા ગોઠવવામાં આવી હતી. તેમ છતાં મંગળવારે ટેકાના ભાવે ઘઉંનું વેચાણ કરવા આવેલા ખેડૂતો પાસેથી ઘઉંની ખરીદી કરવામાં ન આવતા ખેડૂતોએ હલ્લો મચાવ્યો હતો. જોકે ખેડૂતોના આક્રમક મિજાજ જોઈને નાગરિક પુરવઠા કેન્દ્રના અધિકારીઓ માર્કેટયાર્ડ દોડી આવ્યા હતા અને ટેકાના ભાવે ઘઉંની ખરીદી શરૂ કરી હતી.

આ અંગે હિંમતનગર માર્કેટયાર્ડમાં ઘઉંના વેચાણ માટે આવેલા ખેડૂતોએ આક્રોશ વ્યકત કરણા જણાવ્યુ હતું કે માર્કેટયાર્ડમાં વહેલી પરોઢથી ટ્રેકટરમાં ભૂખ્યા, તરસ્યા બેસીને ગુજરાત રાજય પુરવઠા નિગમ દ્વારા શરૂ કરવામાં આવેલા કેન્દ્રોમાં ઘઉંના વેચાણ માટે આવ્યા છીએ. ખેડૂતોની લાંબી લાંબી લાઈનો હોવા છતાં પુરવઠા નિગમના કેન્દ્ર પર કોઈ કર્મચારી હાજર રહ્યા નથી અને ઘઉંની ખરીદી કરવામાં આવી નથી.

આ અંગે માર્કેટયાર્ડના સત્તાધીશોને જાણ કરવા છતાં પણ કોઈ કાર્યવાહી ન થતાં ખેડૂતોએ સૂત્રોચ્ચાર કરી હોબાળો મચાવ્યો હતો. જેના પરિણામે નાગરિક પુરવઠા કેન્દ્રના અધિકારીઓ હિંમતનગર માર્કેટયાર્ડ ખાતે દોડી આવ્યા હતા અને ટેકાના ભાવે ઘઉંની ખરીદી શરૂ કરવાની કાર્યવાહી હાથ ધરી હતી. આ અંગે પુરવઠા નિગમના મામલતદારે એક વાતચીતમાં જણાવ્યુ હતું કે ખેડૂતોને આર્થિક રીતે નુકશાન ન થાય તે રીતે રૂા.૨૯૦ ટેકાના ભાવે ઘઉંની ખરીદી માટે સાબરકાંઠા જિલ્લામાં સાતથી વધુ કેન્દ્રો શરૂ કરાયા છે.

મંગળવારે પાલનપુરથી બદલી થઈને આવેલા અધિકારીને ચાર્જ સોંપવા માટેની કાર્યવાહી કરવાની હોવાથી ખરીદી માટે વિલંબ થયો હતો. જોકે દિવસ દરમિયાન રાબેતા મુજબ ઘઉંની ખરીદી કરવામાં આવી હતી. દરરોજ હરાજી સવારે ૮-૩૦ વાગ્યે શરૂ કરવામાં આવે છે. સ્થાનિક માર્કેટયાર્ડના વેપારીઓ ખૂબ જ નીચા ભાવે ઘઉંની ખરીદી કરી રહ્યા છે ત્યારે માર્કેટયાર્ડના સત્તાધીશો દ્વારા ખેડૂતોના હિતમાં વેપારીઓને રૂા.૨૯૦થી વધુના ભાવે ઘઉંની ખરીદી કરવા માટે જરૂરી પ્રોત્સાહન આપવુ જોઈએ. જો સ્થાનિક વેપારીઓ ખેડૂતોના ગુણવત્તાયુકત ઘઉંની ઊંચા ભાવે ખરીદી કરશે તો ખેડૂતોને પણ આર્થિક લાભ મળશે.આ વર્ષે વરસાદના કારણે ઘઉંના ઉત્પાદનમાં ઘટાડો થયો છે ત્યારે આગામી દિવસોમાં ઘઉંના ભાવમાં વધારો થવાની શકયતા નકારી શકાય તેમ નથી.

અરવલ્લી જિલ્લા અખિલ ભારતીય કિસાન સભાના પ્રતિનિધીઓએ આજે મોડાસા શહેરમાં રેલી કાઢી હતી અને કેન્દ્ર સરકારે કરેલા જમીન અધિગ્રહણ બીલના વટહુકમ બહાર પાડવાના વિરોધમાં ભૂમિપુત્રોને વચેટીયા પધ્ધતિ બંધ કરવા પાકના નફાકારક ભાવ આપવા માટે ખેડૂતોની નજદીક ખરીદ કેન્દ્રો ખોલવા માટે, આદિવસીઓને જંગલની જમીનના પટ્ટાની સોંપણી માટે, ખેડૂતોના દેવા માફ કરવા, ઘાસચારાના ડેપો ખોલવા વગેરે મુદ્દાઓને લઈ ભૂમિપુત્રોને યોગ્ય ન્યાય આપવા માટે અરવલ્લી જિલ્લા કલેકટર સી. છાકછુઆકને આવેદનપત્ર આપ્યું હતું. (તસવીર : જય અમીન)

મોડાસા નગરપાલિકામાં વિવિધ સમિતિઓની રચના : ભાજપા સદસ્યના સમિતિ પદ માટે રીસામણા-મનામણા

મોડાસા, તા. ૭

મોડાસા નગરપાલિકામાં રચાયેલી સમિતિઓની મુદત પૂર્ણ થતાં નગરપાલિકા પ્રમુખ એસ.આર. પટેલના અધ્યક્ષસ્થાન હેઠળ સમિતિઓની રચના કરવામાં આવી હતી. જેમાં વિવિધ મુખ્ય સમિતિઓમાં સ્થાન મેળવવા સત્તાધારી પક્ષના સદસ્યોએ એડી ચોટીનું જોર લગાવ્યુ હતુ. સમિતિની ફાળવણીના મુદ્દે સત્તાધારી પક્ષના સદસ્યોએ નારાજગી વ્યક્ત કરી હતી. પરંતુ સમજાવટ બાદ હોદ્દેદારોનો સ્વિકાર કર્યો હતો.

મોડાસા નગરપાલિકાના વિવિધ સમિતિના ચેરપદે નિમણુંક

કારોબારી અધ્યક્ષ	શૈલેષ ભોઈ
ટાઉન પ્લાનીંગ	તારકભાઈ પટેલ
ગુમાસ્તાધારા	નરેન્દ્રભાઈ કડીયા
જાહેર બાંધકામ	મહેશ ઘોડા
દિવાબત્તી	સંગીતાબેન પ્રજાપતિ
એસ્ટાબ્લીસમેન્ટ	શીવાભાઈ પટેલ
સમાજકલ્યાણ	નિતિન પંડ્યા
ગટર વ્યવસ્થા	કમળાબેન રાવળ
આરોગ્ય સેનેટરી	અસીતભાઈ શેઠ
બગીચા સમિતિ	સુશીલાબેન રાઠોડ
પાણી પુરવઠા	ગીતાબેન પટેલ
વ્યવસાય વેરો અને કાયદો	અરવિંદાબેન સગર
વેરાવસૂલાત	બીનાબેન ત્રિવેદી
આઈએચએસઓપી	અરવિંદભાઈ પંચાલ
વાહન વ્યવહાર	કિરણાબેન ભાવસાર
રમતગમત	નરેન્દ્ર કડીયા
સવર્ણ જયંતિ સમિતિ	સુરેશભાઈ ખાંટ

ખેડબ્રહ્મા કોર્ટે ૪૦ આરોપીને નિર્દોષ છોડ્યા

ખેડબ્રહ્મા, તા. ૭

ખેડબ્રહ્મા શહેરમાં બે વર્ષ અગાઉ નોંધાયેલા રાયોટિંગનો કેસ આજે ખેડબ્રહ્મા કોર્ટમાં ચાલી જતા કોર્ટે ૪૦ આરોપીને નિર્દોશ જાહેર કર્યા હતા.

પ્રાપ્ત માહિતી અનુસાર ખેડબ્રહ્મા શહેરમાં બે વર્ષ અગાઉ જુલાઈ-૨૦૧૩માં રાજસ્થાનના પ્રજાપતિ સમાજ એક યુવાનનું અપહરણ થયુ હતું અને બાદમાં યુવાનનો મૃતદેહ મળી આવ્યો હતો. જે ઘટનાને પગલે પ્રજાપતિ સમાજમાં ઘેરા પ્રત્યાઘાત પડ્યા હતા. સમાજના અગ્રણીઓએ આ મામલે ખેડબ્રહ્મા પોલીસ મથકે પી.એસ.આઈ.ને રજૂઆત કરવા ગયા હતા. જ્યાં પોલીસે રજુઆત કરવા આવેલ ટોળા પર લાઠીચાર્જ કર્યો અને ૪૦ જેટલા મૃતકના સગા સંબંધીઓ સામે રાયોટિંગનો ગુનો નોંધી જેલ હવાલે કર્યા હતા. આ કેસ આજે ખેડબ્રહ્મા નામદાર કોર્ટમાં ચાલી જતા કોર્ટે તમામને નિર્દોશ છોડવાનો હૂકમ કર્યો હતો.

ઉલ્લેખનીય છે કે આ ઘટનામાં મૃતક બક્સારામ સગારામના મોતને બે વર્ષ વિતી ગયા છતાં આજ દિન સુધી આરોપીઓ પકડાયા નથી. આથી પોલીસની ઢીલી નીતિ સામે પ્રજામાં પોલીસે પ્રત્યે આકોશ હજુ પણ જોવા મળી રહ્યો છે.

વામોજમાં પ્રેમ પ્રકરણ મુદ્દે ધિંગાણું : ત્રણને ઈજા

હિંમતનગર, તા. ૭

હિંમતનગર તાલુકાના વામોજ ગામમાં સોમવારે રાત્રે ભાગી ગયેલા યુવક-યુવતીના પ્રેમસબંધને મામલે સમાધાનની ચર્ચા માટે બોલાવેલા યુવકના પરિવારજનો પર વામોજ ગામના જ કેટલાક લોકોએ ગેરકાયદેસર મંડળી રચી લાકડીઓ, પાઈપો જેવા મારક હથિયારો સાથે હુમલો કરતા એક મહિલા સહિત ત્રણ વ્યકિતઓને ઈજાઓ પહોંચતા હિંમતનગરની સિવિલ હોસ્પિટલમાં સારવાર માટે ખસેડાયા છે. હુમલાની ઘટના અંગે મહિલાએ વામોજના ચાર શખ્સો સહિત ૨૮ જણા વિરૂધ્ધ ગાંભોઈ પોલીસ સ્ટેશનમાં મંગળવારે ફરિયાદ નોંધાવતા પોલીસે સમગ્ર ઘટના અંગે તપાસનો દોર શરૂ કર્યો છે.

ઘટના અંગે પ્રાપ્ત વિગત અનુસાર તાલુકાના વામોજ ગામે રહેતા રીન્કુબેન પટેલના દિયર દિનેશભાઈ પટેલને ગામના જ પ્રકાશભાઈ પટેલની દિકરી બિજલ સાથે પ્રેમસબંધ હોઈ કોઈને કહ્યા વિના બંને જણા ઘરેથી જતા રહ્યા છે. આ મામલે સમાધાનની ચર્ચા કરવા સોમવારે રાત્રે બંને પક્ષના લોકો ગામના જ પોપટભાઈ વેણાભાઈ પટેલના ઘરે ભેગા થયા હતા. દરમિયાનમાં રાત્રિના નવેક વાગ્યાના સુમારે વામોજ ગામના વિરેન્દ્રભાઈ શીવાભાઈ પટેલ, હેમંતભાઈ પોપટભાઈ પટેલ, રાકેશભાઈ કેશાભાઈ પટેલ અને પ્રવિણભાઈ નાથાભાઈ પટેલ ઉપરાંત અન્ય ૨૪ જેટલા ઈસમોએ સમાધાનની ચર્ચાઓ ચાલતી હતી તે દરમિયાન એકદમ ઉશ્કેરાઈ જઈ લાકડીઓ તેમજ પાઈપો જેવા મારક હથિયારો ધારણ કરી યુવકના પરિવારજનો પર હુમલો કર્યો હતો.

હુમલાની આ ઘટના દરમિયાન યુવકના માસી, ભાઈ અને અન્ય એક સબંધીને માથા સહિત શરીરના ભાગે ઈજાઓ થતાં ત્રણેયને સારવાર માટે ૧૦૮માં હિંમતનગરની સિવિલ હોસ્પિટલમાં લઈ જવાયા હતા. જયાં આ ત્રણેય જણા હાલમાં સારવાર હેઠળ છે. યુવકના ભાભી રીન્કુબેન રજનીકાન્તભાઈ પટેલે હુમલો કરનારા યુવતીના પરિવારજનો સહિત ૨૮ જણા વિરૂધ્ધ મંગળવારે ગાંભોઈ પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવતા પોલીસે સમગ્ર ઘટના અંગે તપાસનો દોર શરૂ કર્યો છે. યુવકની ભાભીએ નોંધાવેલી ફરિયાદમાં પ્રેમ પ્રકરણના મામલે ભાઈ તથા ભાભીને જાનથી મારવા સાથે તેમની મિલ્કતો બાળી કુટવા સહિતની ધમકીઓ અપાતા મામલો ગંભીર બન્યો છે. ગાંભોઈ પોલીસે વામોજના ચાર શખ્સો અને યુવતીના સબંધીઓ સહિત સુરજપુરા, હમીરગઢ, હિંમતપુર, જાંબુડી, કરણપુરના ૨૮ જણા વિરૂધ્ધ ગુનો દર્જ કરી તપાસનો દોર આરંભ્યો છે.

ખેડબ્રહ્મામાં એલ.સી.બી. રેડ દરમ્યાન દેશી દારૂ ઝડપાયો

ખેડબ્રહ્મા, તા. ૭

ખેડબ્રહ્મા શહેરમાં મંગળવારના રોજ પોલીસ રેડમાં દેશી દારૂ ઝડપી ત્રણ ઈસમ વિરૂદ્ધ ગુન્હો નોંધ્યો હતો.

ખેડબ્રહ્મા શહેરના ૫૮ વિસ્તાર ચાંપલપુરમાં રહેતા મંજુલાબેન શેનાભાઈ વસાવા દારૂ વેચાણ કરતા અને તેમને ઝાલોલ તાલુકા (રાજસ્થાન)ના ધર્માભાઈ મગનભાઈ લખાભાઈ ખરાડી અને કકુભાઈ લાલુભાઈ ડામોર (બન્ને છાલી કોટડા) પોતાના બાઈક જીજે૯ એએલ ૯૮૮૦ પર દેશી દારૂ ૮૩ લીટર લઈ ખેડબ્રહ્મા પહોંચાડતા હતા. ત્યારે કોકીલાબેનના ઘરે ત્રણ જણા પોલીસની રેડ દરમ્યાન ઝડપાઈ ગયા હતા. એલ.સી.બી. પીએસઆઈ કે.ડી. બ્રહ્મભટ્ટે ત્રણે વિરૂદ્ધ ગુનો નોંધી ૬૩ લીટર દેશી દારૂ રૂ. ૧૨૬૦ તથા બાઈક ૧૫૦૦૦ કુલ મળી ૧૬૨૬૦નો મુદ્દામાલ કબજે કર્યો હતો.

સ્પર્ધાત્મક પરીક્ષાની તૈયારીનો પ્રારંભ

પાટીદાર યુવાનોને સ્પર્ધાત્મક પરીક્ષાઓમાં સફળતા મેળવી સરકારી નોકરી મળે તે માટે ઉમિયા પરિવાર દ્વારા હિંમતનગરમાં સી.કે. પટેલ સમાજવાડી ખાતે જીપીએસસીની સ્પર્ધાત્મક પરીક્ષાઓ માટેના વર્ગો ચાલુ કરાયા છે. આ વર્ગોમાં અમદાવાદના સોલાના ઉર્વેશ પટેલે પાટીદાર યુવાનોને માર્ગદર્શન આપ્યું હતું. (તસવીર : ધર્મેન્દ્ર મહેતા)

બનાસકાંઠામાં ૨૨મી એપ્રિલથી કૃષિ મહોત્સવ યોજાશે

પાલનપુર, તા. ૭

બનાસકાંઠા જિલ્લામાં તા.૨૨ એ-્પ્રિલથી ૧૦ મે સુધી કૃષિ મહોત્સવ-૨૦૧૫ની સફળ અને શાનદાર ઉજવણી કરવાનુ આયોજન કરવા પાલનપુર મુકામે કલેકટરશ્રી દિલીપ રાણાના અધ્યક્ષસ્થાને બેઠક યોજાઈ હતી. જેમાં કલેકટરશ્રીએ અધિકારીઓને જરૂરી માર્ગદર્શન અને સુચનાઓ આપી હતી. તેમણે કહ્યુ કે અગાઉના કૃષિ મહોત્સવથી અલગ જ રીતે આ કૃષિ મહોત્સવની ઉજવણી થવાની છે ત્યારે તેની તમામ તૈયારીઓ સરસ રીતે કરવા અધિકારીઓએ સજ્જ રહેવું પડશે. આ વખતે જિલ્લા પંચાયતની સીટ -માણે કૃષિ મહોત્સવનું આયોજન કરવામાં આવ્યું છે. બનાસકાંઠા જિલ્લામાં ૫૫ સીટો ઉપર કૃષિ મહોત્સવ અને પશુપાલન શિબિર યોજાશે. જેમાં ખેડુતોને કૃષિ વૈજ્ઞાનિકો ધ્વારા માર્ગદર્શન આપવામાં આવશે તથા પશુ આરોગ્ય મેળાઓમાં પશુઓને રસીકરણ પણ કરવામાં આવશે.

અરવલ્લી જિલ્લાના ધનસુરા તાલુકાના વડાગામમાં ૬ એપ્રિલ એટલે ભારતીય સ્થાપના દિવસની વડાગામ શીતકેન્દ્રમાં વડાગામ સ્ટેશન પર ઉત્સાહપૂર્વક ભવ્ય ઉજવણી કરવામાં આવી હતી. જેમાં અરવલ્લી જિલ્લા પંચાયત કારોબારી અધ્યક્ષ જયંતિભાઈ પટેલ(મુખી), જગદીશભાઈ ગોર, નરસિંહભાઈ પટેલ(એડવોકેટ), તા. પંચાયત સદસ્ય વિનોદભાઈ તેમજ મોટી સંખ્યામાં કાર્યકર્તાઓએ હાજર રહી ભાજપાને સ્થાપના દિવસની શુભેચ્છાઓ પાઠવી હતી. (તસવીર : બાબુભાઈ પટેલ, વડાગામ)

ભેમાપુર જિલ્લા પંચાયત સીટના સીમાંકન બદલવાની હિલચાલથી વિસ્તારના પ્રજાજનો ખફા

મોડાસા, તા.૭

ગુજરાત રાજયમાં સ્થાનિક સ્વરાજયની ચૂંટણીઓના ભણકારા વાગી રહ્યા હોવાથી અને સ્થાનિક સ્વરાજયની ચૂંટણીઓમાં નવા સીમાંકન પ્રક્રિયાઓ જુના સીમાંકનથી તદ્દન અલગ આવી રહેલ છે અને ભેમાપુર જિલ્લા પંચાયત સીટના પ્રજાજનોએ વિશ્વાસમાં લીધા વગર તેમની પડનારી તકલીફોને નજર અંદાજ કરવાની સાથે ભૌગોલિક વિસ્તારની નજીકતા પણ જોવામાં આવેલ ન હોવાથી ઉપરાંત આધારભૂત સૂત્રોના જણાવ્યા અનુસાર એક જ ગ્રામ પંચાયતમાં સમાવિષ્ટ ગામોની અલગ અલગ તાલુકા પંચાયત સીટોમાં સમાવિષ્ટ કરવાના હોવાનું ચર્ચાઈ રહ્યું હોવાથી અને માત્ર વસ્તીના ધોરણના લીધે ગમે તે ગામડાઓ, પંચાયતો જોડી તોડીને સીમાંકનના અમલીકરણ થનાર હોવાનું જણાઈ આવતા ભેમાપુર જિલ્લા પંચાયત સીટમાં સમાવિષ્ટ પ્રજાજનોએ અને ભેમાપુર ગામના લોકોએ મેઘરજ તાલુકામાં કરવામાં આવી રહેલા સીમાંકનની પુનઃવિચારણા કરવા માટે આજે અરવલ્લી કલેકટર સી. છાકછુઆકને આવેદન પત્ર આપવામાં આવ્યું હતું. ભેમાપુર ગામના અગ્રણીના જણાવ્યા અનુસાર સરકારી તંત્ર દ્વારા થઈ રહેલા નવા સીમાંકન પ્રમાણે ભેમાપુર જિલ્લા પંચાયત સીટ રદ કરી નાખવાની હિલચાલથી ભેમાપુર ગામના લોકોનો રોષ આસમાને પહોંચવાની સાથે જો યોગ્ય નિર્ણય નહીં કરવામાં આવે તો ગાંધીચિધ્યા માર્ગે આંદોલનની ચીમકી ઉચ્ચારી હતી.

રાજકીય વ્યુહ અપનાવી પ્રજાજનોને પડનારી તકલીફોને ધ્યાનમાં રાખ્યા વગર અમલીકરણની તૈયારીઓ થઈ રહી હોવાથી સમગ્ર રાજયમાં ઉગ્ર વિરોધના ભણકારા વાગી રહ્યા છે.

અરવલ્લી જિલ્લાના મેઘરજ તાલુકાની ભેમાપુર જિલ્લા પંચાયતની સીટ નવા સીમાંકન પ્રમાણે રદ થઈ જવાના અણસારથી અને આવનારી સ્થાનિક સ્વરાજયની ચૂંટણીઓના નવા સીમાંકનની પ્રક્રિયાઓ હાથ ધરવામાં

ટાટા મોટર્સની ઓથોરાઈઝ ડીલર
મોર્ડન મોટર્સ
ગુજરાત સરકાર માન્ય
ISO-9001:2008 COMPANY
સુવિધાઓ...
(૧) કોમ્પ્યુટરાઈઝ્ડ વ્હીલ એલાયમેન્ટ બેલેન્સીંગ
(૨) સર્વિસ ગ્રીસીંગ
(૩) મીકેનીકલ રીપેરીંગ
(૪) ઓટો ઈલેક્ટ્રીકલ કામ
(૫) બોડી-કલર કામ (૬) જેન્યુન સ્પેર પાર્ટ
(૭) ટાટા કંપનીના તમામ વાહનોનું રીપેરીંગ કામ સંતોષકારક કરી આપનાર
ઓથોરાઈઝ્ડ ડીલર :
બ્રીજસ્ટોન, જે.કે. ટાયર-ટ્યુબ, એકસાઈડ બેટરી, હીન્દુસ્તાન મોટર્સ લી.
ઓથોરાઈઝ્ડ સર્વિસ ડીલર
TATA
ઓથોરાઈઝ્ડ ડીલર
Castrol
EXIDE INDUSTRIES LIMITED
BRIDGESTONE PASSION for EXCELLENCE
JK TYRE
પ્લોટ નં. ૪૦૩, જી.આઈ.ડી.સી., સેક્ટર-૨૮, કામા મોટર્સની બાજુમાં, ગાંધીનગર-૩૮૨ ૦૨૮
ફોન. : (ઓ) ૦૭૯-૨૩૨૧૧૪૮૫, ફેક્સ : (૦૭૯) ૨૩૨૧૨૬૪૦
મો. : ૯૮૨૫૨ ૬૨૨૯૧, ૯૯૦૪૦ ૪૪૭૦૦

આપના શહેરમાં ૧૦૦૦ સ્કે. ફીટનો એ.સી. શો-રૂમ જેમાં છે...
સિરામિક વોલ ટાઈલ્સ ● વીટ્રીફાઈડ ટાઈલ્સ ● સિરામિક ફ્લોર ટાઈલ્સ ● એક્વાઆર્ટ ● વોલ ક્લેડીંગ ● માર્બલ સ્ટોન અને ક્વાર્ટઝ્ તેમજ વિવિધ પેટર્ન્સ અને કોમ્બીનેશન્સની વિશાળ શ્રેણી
એક્સક્લુસિવ શો-રૂમ
AGL TILES WORLD
Radhe ENTERPRISE
પહેલે માળ, ૧૦૧, ૧૦૨, ૧૦૩, જય યોગેશ્વર કોમ્પલેક્સ, સિટી પલ્સ સિનેમા પાસે, કુડાસણ બસ સ્ટોપની સામે, ગાંધીનગર - કોબા હાઈવે, ગાંધીનગર. મોબાઈલ : ૯૪૨૬૫ ૧૩૬૦૧